તા.૨૫/૦૩/૨૦૨૦ સુધી ફક્ત આવશ્યક સેવાઓ જ ચાલુ રાખવા બાબત

ગુજરાત સરકાર
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ
સચિવાલય ગાંધીનગર
તા. ૨૧/૦૩/૨૦૨૦.

જાહેરનામા ક્રમાંક:-૧૧/એનસીવી/૧૦૨૦૨૦/એસ.એફ.એસ.૧/ગ

કોરોના વાયરસ COVID-19ની અસરોને પહોંચી વળવા તેમજ રોગ અટકાયત અને નિયંત્રણની કામગીરી કાયદાકીય રીતે ત્વરિત હાથ ધરી શકાય તે હેતુસર એપેડેમિક ડીસીઝ એક્ટ ૧૮૯૭ અન્વયે આ વિભાગના ક્રમાંક એનસીવી-૧૦૨૦૨૦-એસ.એફ.એસ.૧ તા.૧૩/૦૩/૨૦૨૦ ના જાહેરનામાથી રાજ્યમાં "ધ ગુજરાત એપેડેમિક રેગ્યુલેશન, ૨૦૨૦" લાગુ કરવામાં આવેલ છે.

અમદાવાદ, સુરત, વડોદરા,રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારોમાં માત્ર નીચે મુજબની આવશ્યક સેવાઓ જ તા.૨૫/૦૩/૨૦૨૦ સુધી ચાલુ રાખવાની રહેશે.

- તમામ સરકારી અને મ્યુનિસિપલ કોર્પોરેશન/પંચાયત સેવાઓ
- દૂધ-શાકભાજી,ફળ-ફળાદી, કરીયાણું, પ્રોવીઝનલ સ્ટોર.
- મેડીકલ સ્ટોર, દવાખાના/હોસ્પિટલ, લેબોરેટરી, દવા/મેડીકલ સાધનોની ઉત્પાદક કંપની તથા તેમના રીસર્ચ એન્ડ ડેવલોપમેન્ટ સેન્ટર્સ, ફાર્મસી, આરોગ્યલક્ષી સેવાઓ.
- વીજળી અંગેની સેવાઓ, વીમા કંપની, ઈન્ટરનેટ/ટેલિફોન તથા આઈ.ટી અને આઈ.ટી સંબંધિત સેવાઓ
- રેલવે અને ટ્રાન્સપોર્ટેશન સેવા, મીડીયા-સમાચાર પત્રો, પેટ્રોલપંપ, પાણી પુરવઠો તથા ગટરવ્યવસ્થા તંત્ર
- બેંક/એ.ટી.એમ., બેંકનું ક્લીયરીંગ હાઉસ, સ્ટોક એક્સચેન્જ
- તમામ આવશ્યક વસ્તુઓના ગોડાઉન તથા અન્ય અતિ આવશ્યક સેવાઓ.
- ખાદ્ય પદાર્થો તથા ખાદ્ય સામગ્રી, દવાઓ, પેસ્ટકન્ટ્રોલ અને અન્ય આવશ્યક સેવાઓના ઉત્પાદન, પરિવહન અને પુરવઠા વ્યવસ્થા અને તેને લગતુ ઈ-કોમર્સ

આ જાહેરનામાના ભંગ બદલ સંબંધિતોની સામે "ધ ગુજરાત એપેડેમિક રેગ્યુલેશન, ૨૦૨૦" અન્વયે કાનૂની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આઇ.એમ.કુરેશી)
સંયુક્ત સચિવ
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ
ગુજરાત સરકાર

Scanned with CamScanner